ગાંધીનગર સમાચાર
તા. ૨-૩-૨૦૧૨, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### ભ્રષ્ટાચારીઓ સામે ખતરાની ઘંટી વાગી રહી છે : લોકજાગૃતિની અહાલેક ગૂંજી રહી છે


એક નાના હોદ્દા પરનો સરકારી મહેસૂલ ખાતાનો અધિકારી એસીબીના છટકામાં સપડાઇ જાય એવો કિસ્સો ગુજરાતમાં કંઇ પહેલીવાર નથી બન્યો. જે પરંપરા ચાલતી રહી છે એને આપણે વર્ષોથી અનુકૂળ થઇ ગયા છીએ. એવું પણ નથી કે આ પ્રકારના 'વહેવાર'ને સરકાર અથવા સરકારની પોલીસ ન જાણતી હોય. પરંતુ દરેક બાબત એની નિશ્ચિત મર્યાદામાં જ શોભતી હોય છે. નજરાણાં અને ભેટ-બક્ષિસ આમ જુઓ તા આપણી 'સંસ્કૃતિ'નો જ હિસ્સો બની ગયેલ છે. ભગવાનના મંદિરમાં પણ ખાલી હાથે જવાનો રિવાજ નથી. પત્રં, પુષ્પં, ફલં, તોયં - બીજું ન મળે તો જે ફૂલ પાંદડી મળે તે ધરી દો, પણ મને કંઇક ધરવું તો પડશે જ! આ આપણા સંસ્કાર છે. પછી શરૂ થાય છે ગરજની ગાથા લુચ્ચા શિયાળાની જેમ દ્રાક્ષની લૂમ સામે લાળ પાડતો બેઠેલો સાહેબ સામા માણસની ગરજનું આગોતરૂં માપ કાઢીને બેઠો હોય છે. એ ઓછા લાકડે બળવા કબૂલ નથી થતો તે પછી જ સમસ્યા શરૂ થાય છે. ત્યાં સુધી 'એસીબી' હરકતમાં આવતી નથી. ગાંધીનગરમાં ચોરો અને ચોરીના માલની ભાગબટાઇ કરનારાઓનો તોટો નથી. પરંતુ આ કિસ્સામાં જાણે ગામ આખું રાતોરાત શાહુકાર થઇ ગયું હોય એવો ભાસ થાય છે. એવો અર્થ એટલો જ કે લક્ષ્મણરેખા ઓળંગી જવાઇ હશે. અણ્ણા હજારે અને એમનાં સાથીઓએ આરંભેલુ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન આમ જનતા માટે મોટી આશા લઇને આવ્યું હતું. ભ્રષ્ટાચારને સહન કરી લેવો એ પણ સવાયો ભ્રષ્ટ આચાર છે. આ પ્રકારની સમજણ સાથે દક્ષિણ આફ્રિકામાં એમ.કે. ગાંધી નામનાં હિંદુસ્તાની વકીલે ત્યાંની ગોરી સરકાર સામે જેહાદ જગાડી અને એમાંથી દુનિયાને એક શાશ્વત મહાત્મા મળ્યો. એના પુષ્પ પ્રતાપે લોહીનું એક ટીપું પણ રેડ્યા વગર શક્તિશાળી અંગ્રેજ સરકારને ખડિયા પોટલાં ઉપાડી રવાના થઇ જવું પડ્યું. દેશ આઝાદ થઇ ગયો, ગોરા અંગ્રેજો ચાલ્યા ગયા પણ 'બ્યુરોક્રસી' કહેતાં તંત્ર જેમના હસ્તક આવ્યું તે કાળા અંગ્રેજોએ એવી લૂટ ચલાવી કે પ્રજા ત્રાહિમામ પોકારી ગઇ. દુનિયામાં ભારત અને ભ્રષ્ટાચાર એકમેકના પર્યાયવાચી શબ્દો બનવાનું કશું બાકી જ કયાં રહ્યું છે! પટાવાળાથી માંડી પ્રધાન સુધી દરેકને આ બીમારી વળગી છે. અણ્ણાએ પ્રજાને આગવા અને પોતીકા આત્મબળ સાથે આ ભ્રષ્ટાચારના રાક્ષસ સામે ઝઝૂમવાની પ્રેરણા આપી. એમણે મહારાષ્ટ્ર સરકારના છ પ્રધાનોન ડિસમિસ કરાવ્યા અને કેન્દ્ર સામેની એમની લડાઇથી પવિત્ર પ્રધાનમંત્રીની નિશ્રામાં ચાલતી 'યુપીએ' થી કેન્દ્ર સરકાર હચમચી ગઇ. અણ્ણા ઇફેક્ટ છેક ગાંધીનગર સુધી વરતાઇ રહી છે, એનો તાજો દાખલો પાટનગરની તાજેતરની ઘટના છે. અણ્ણાની પ્રેરણા કેવું જાદુઇ કામ કરે છે તેની ફલશ્રુતિ ભ્રષ્ટાચારી તન્નાની સામે પડેલા વકીલોનાં આક્રોશમાં વરતાય છે. ભ્રષ્ટાચારી રંગે હાથ પકડાઇ ગયા પછી કાયદો તો કાયદાનું કામ કરશે જ પરંતુ લોકોને તો તત્કાળ ન્યાય ખપે છે જનતા જાગી છે. કોર્ટ સજા કરે તે પહેલાં જનસમુદાય આવાં તત્ત્વો સામે ગુસ્સો પ્રગટ કરીને એમને એમની હેસિયત બતાવવા અધીરો બની જતો હોય છે. પાટનગરમાં બનેલી ઘટના એ દૃષ્ટિએ ઘણી સૂચક છે. ભ્રષ્ટાચારી અધિકારીઓ સાથે ગાંધી વૈદનું સહિયારૂં ચલાવવા ટેવાયેલો રીઢા રાજકારણીઓ કશું નહીં કરી શકે; ભ્રષ્ટાચારના ભોરિંગને કચડવાનું કામ પ્રજાએ જ કરવું પડશે, એવો ગર્ભિત સંદેશ પ્રજાજનોના આ મનોવલણમાં છતાં થાય છે. પ્રજા માટે સહિષ્ણુતાની લિમિટ પુરી થઇ ગઇ છે. ખતરાની ઘંટી બજી ચૂકી છે. જો ભ્રષ્ટાચારી અધિકારીઓ સમયસર નહીં ચે તે તો એમનું ભવિષ્ય સલામત નથી.

# સીબીએસસી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાનો પ્રારંભ

### ગુજરાતમાંથી ધોરણ ૧૦ના ૪૩૪૨૦ અને ધોરણ ૧૨ના ૩૨૪૮૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસી રહ્યા છે : અહેવાલ

અમદાવાદ, તા.૧

સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો શુક્રવારથી પ્રારંભ થયો છે. જેમાં દેશભરમાંથી ધોરણ૧૦ના ૧૨ લાખ અને ધોરણ ૧૨ના ૧૦ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ પ્રથમ દિવસે પરીક્ષા આપવા બેઠા હતા. સીબીએસઈ તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતુ કે બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે ધોરણ ૧૦ના ૧૨,૫૯,૨૦૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષામાં ૯,૪૨,૦૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતમાંથી ધોરણ ૧૦ના ૪૩૪૨૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ધોરણ ૧૨ના ૩૨૪૮૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષની તુલનામાં આ વર્ષે ધોરણ ૧૦માં ૬.૭૦ ટકા જ્યારે ધોરણ ૧૨માં ૧૫.૫૧ ટકા વધુ વિદ્યાર્થી નોંધાય છે. આ વખતે સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રોલ નંબર અનુસાર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એટલુ જ નહીં સીબીએસઈએ પરીક્ષામાં ભાગ લઈ રહેલ વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્રવેશ પત્ર પણ ફાળવવામાં આવ્યા હતા.



### મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવાયો

ગાંધીનગર જિલ્લામાં પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના બન્ને વિભાગો દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રયોગ દર્શન અંતર્ગત ૫૦ જેટલા જુદા જુદા સિદ્ધાંતો આધારીત પ્રયોગો રજૂ કર્યા હતા. શાળાના બાળકો દ્વારા દુનિયાના જુદા જુદા વૈજ્ઞાનિકો વિશે ખૂબ જ રસપ્રદ માહિતી આ પ્રસંગે આપવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય ભાગ તરીકે વિજ્ઞાન પ્રયોગ દર્શન રાખવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના વિજ્ઞાન શિક્ષકો ઉલ્લાસબેન ચાવડા, જિજ્ઞાસાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય તથા ટ્રસ્ટીએ આ પ્રસંગે અભિનંદન પાઠવી શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### રમતવીરો એ એવોર્ડ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૧

રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિ મેળવી હોય તેવા નામાંકિત ખેલાડીઓને અર્જુન એવોર્ડ, રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ, રમતગમત ક્ષેત્રે કોચ તરીકે સેવા આપેલ હોય તેવી વ્યક્તિઓને દ્રોણાચાર્ય એવોર્ડ અને સ્પોર્ટ્સ પર્સન તરીકે જેઓએ સેવા આપી હોય તેવી વ્યક્તિઓને એચીવમેન્ટ ઈન સ્પોર્ટ્સ એન્ડ ગેઈમમાં એવોર્ડ આપવાની યોજના છે. તો આ ક્ષેત્રના ઉમેદવારોએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સેકટર-૨૧ નો સંપર્ક તાત્કાલિક સાધવા જણાવેલ છે.




બજેટ જાણવા આટલું શું વાંચો છો ?? હું જ કહી દઉ કે, બીડીના ભાવ વધ્યા હશે ને માચીસનાં ઘટ્યા હશે. ટ્રેક્ટર સસ્તા થયા હશે પણ, ટાયર મોંઘા થયા હશે... બિયારણ સસ્તુ કર્યું હશે પણ વિજળી મોંઘી કરી હશે..બોલો એવું છે કે નહીં !!!

## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા. ૧

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ધો. ૧૨માં અભ્યાસ કરતા બોર્ડના વિદ્યાર્થીઓનો આગામી પરીક્ષા સફર રીતે સંપન્ન કરવા માટેની શુભેચ્છા આપતો, ઈનામ વિતરણ કરતો અને ભોજન સમારંભ તાજેતરમાં યોજાયો હતો.

શાળાના વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાન કલ્યાણસિંહ દ્વારા હકારાત્મક વિચારો વિશે વક્તવ્ય અપાયું હતું. આચાર્ય યુવરાજસિંહે મહેમાનનું સ્વાગત કર્યુ હતું. ટ્રસ્ટી અર્જૂનસિંહ વાઘેલા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રોટરી કલ્બના સભ્યો, વાલીગણે ખાસ હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## સર્વોદય પ્રાથમિક વિદ્યામંદિરમાં વિજ્ઞાન દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે આવેલી સર્વોદય પ્રાથમિક વિદ્યામંદિરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રદુષણ અટકાવો નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે શાળામાં ધોરણ-૭ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓ દ્વારા નાટક અને રોલ પ્લે દ્વારા વિજ્ઞાન ક્ષેત્રે જાગૃતિ લાવવા માટે ખુબ જ સુંદર અને આકર્ષક રજુઆત કરવામાં આવી હતી. જેમાં 'પ્રદુષણ અટકાવો'એ નાટકમાં પ્રદુષણ કેવી રીતે ફેલાય છે અને તેનાથી થતા નુકશાનો અને તેને અટકાવવાની રીત બધું જ સમાવિષ્ટ હતું. આ પ્રસંગે સમસ્ત 'બ્રહ્માંડ'ની સમજ આપતો 'રોલ પ્લે' રજુ કરવામાં આવ્યો હતો. સમસ્ત કાર્યક્રમ શાળાના આચાર્ય નિરુબેન શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો અને સેજલબેન દરજીએ આ કાર્યક્રમ તૈયાર કર્યો હતો. કે.કે. પટેલ વિદ્યાલયના આચાર્યા ભાવનાબાએ સુંદર આયોજન બાબતે અભિનંદન પાઠવ્યા હતા.

## રમતગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવનારને એવોર્ડ અપાશે : સફળ ખેલાડી કે કોચને ૨૦મી સુધી ફોર્મ ભરી જવા અનુરોધ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનિયર કોચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સિદ્ધિ મેળવનાર ખેલાડીઓને ધ્યાનચંદ એવોર્ડ ફોર લાઈફ ટાઈમ એચીવમેન્ટ ઈન સ્પોર્ટસ એન્ડ ગેઈમ ૨૦૧૩નો એવોર્ડ અપાશે જે માટે ઉમેદવારો પાસેથી નિયત પુરાવા સાથે વિગતો મંગાવાઈ છે.

કેન્દ્ર સરકાર દ્વારા ચાલુ વર્ષે રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવી હોય તેવા નામાંકિત ખેલાડીઓને અર્જુન એવોર્ડ તથા રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ તેમજ રમતગમત ક્ષેત્રે કોચ તરીકે સેવા આપેલ હોય તેવી વ્યકિતઓને દ્રોણાચાર્ય એવોર્ડ અને સ્પોર્ટસ પર્સન તરીકે જેઓએ રાષ્ટ્રકક્ષાએ સેવાઓ આપી હોય તેવી વ્યકિતઓને ધ્યાનચંદ એવોર્ડ ફોર લાઈફ ટાઈમ એચીવમેન્ટ ઈન સ્પોર્ટસ એન્ડ ગેઈમ ૨૦૧૩નો એવોર્ડ આપવાની યોજના અમલમાંછે.

જે અન્વયે યોગ્યતા ધરાવતા ઉમેદવાર નિયત નમૂનામાં અરજી પત્રકો જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર c/o. મહાત્મા ગાંધી વિદ્યાલય સેકટર-૨૧ ગાંધીનગરના સિનિયર કોચ શ્રી પાસેથી મેળવી સંપૂર્ણ વિગતો તથા આધાર પુરાવા સાથે જે તે જિલ્લાની કચેરીમાં અરજી તા. ૨૦ માર્ચ ૨૦૧૩ સુધીમાં નકલ-૩માં મોકલી આપવાની રહેશે એમ સિનિયર કોચ દ્વારા જણાવાયું છે.

## એમ. બી. પટેલ વિદ્યાલયમાં ધો. ૧૦નો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામની એમ.બી. પટેલ શાળાનો ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપતો સમારંભ યોજાયો હતો. જેમાં આમંત્રિત મહેમાનો તથા શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી બોર્ડની પરીક્ષા માટે શુભેચ્છા આપવામાં આવી હતી.

એમ.બી.પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાની બહેનોએ પ્રાર્થના અને સ્વાગત દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન શાળાના આચાર્ય બી.એ. પટેલે કર્યું હતું. પ્રગતિ મંડળ વાવોલના પ્રમુખ પોપટભાઈ વી. પટેલે અધ્યક્ષ પદે શોભાવ્યુ હતું. અતિથિ વિશેષ પદેથી મધુર ડેરી ગાંધીનગરના ચેરમેન અને શાહ સી.કે. મ્યુનિ. કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ શંકરસિંહ રાણા અને સાહિત્યકાર અશ્વિનકુમાર એસ. પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય મહેમાન પદે જાણીતા સાહિત્યકાર પૃથ્વીભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક આશીર્વચન આપ્યા હતા. મંડળના ઉપપ્રમુખ અને તાલુકા પંચાયત સદસ્ય કુબેરસિંહજી ગોલ, ટ્રસ્ટી વિનોદસિંહ રાઠોડ (આસિ. ડાયરેક્ટર માહિતી અને પ્રસારણ ખાતુ), ટ્રસ્ટી અંબાલાલભાઈ પટેલ, રમેશભાઈ પટેલ અને ગ્રામજનો તેમજ વાલીમંડળના સદસ્યો હાજર રહ્યા હતા. આ પ્રસંગે મહેમાનોએ બાળકોને ઉંચુ પરિણામ લાવવા માટે શીખ આપી હતી. અધ્યક્ષે બાળકોને મહેમાનોના આશીર્વચનો પ્રમાણે અનુસરવાનું કહ્યું હતું. મુખ્ય મહેમાન પૃથ્વીભાઈ શાહે વિદાય લેતા દરેક વિદ્યાર્થીને એક પેન ભેટ આપી હતી. ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ. ચૌધરીએ કર્યું હતું. શાળાના તમામ સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બાલમંદિરોનો વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિદ્યાલય સંચાલિત કન્યા બાલમંદિર, કુમાર બાલમંદિર તથા ઈંગ્લિશ મીડીયમ બાલમંદિરના સંયુકત ઉપક્રમે પૂ. દાસકાકા અને પૂ. દિવાળીબા સ્મૃતિમાં ઈનામવિતરણ તથા વાર્ષિકોત્સવનું આયોજન સેકટર-૨૩માં આવેલ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાઈ ગયો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદ્ર એન્ડ પ્લે ગૃપ, શ્રી વી.એમ. પટેલ કુમાર બાલ મંદિર, શ્રી એસ. કે. પટેલ કીન્ડર ગાર્ટન ઈંગ્લિશ મીડીયમ બાલમંદિર સંયુક્ત આયોજિત પૂ. દાસકાકા અને પૂ. દિવાળીબા સ્મૃતિ પારિતોષિક અર્પણ સમારોહ અને વાર્ષિકોત્સવ નો કાર્યક્રમ વિઠ્ઠલભાઈ એમ. પટેલના અધ્યક્ષ સાથે સેકટર-૨૩માં આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસ ખાતે શેઠશ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ, સંસ્કાર ભવન ખાતે બપોરે ૨.૦૦ કલાકે યોજવામાં આવ્યો હતો. જેમાં બાલમંદિરા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં.



આ પ્રસંગે વિઠ્ઠલભાઈ એમ. પટેલ, કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સેકટર-૨૩ના કેમ્પસ ડાયરેકટર ડો. સોમભાઈ પટેલ, સેકટર-૧૨માં આવેલ નર્સિંગ કોલેજના કેમ્પસ ડાયરેટર ડો. આર.જે.વ્યાસ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમનું સફળ સંચાલન એચ.વી. પટેલ બાલમંદિરના આચાર્યા ગીતાબેન સોની, વી.એમ. બાલમંદિરના આચાર્યા હસુમતીબેન રામી, એસ.કે. પટેલ ઈંગ્લિશ મીડીયમ બાલમંદિરના આચાર્યા જયોતિ શર્મા તથા તેમની ટીમે કર્યું હતું.

## બોર્ડની પરીક્ષામાં સફળતા મેળવવા માટેની કેટલીક સાયન્ટીફીક ટીપ્સ

પરીક્ષા માસ એટલે માર્ચ મહિનાનો પ્રારંભ આજથી થયો. સીબીએસઇ બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ આજથી થયો છે. તો ૭ માર્ચથી ગુજરાત બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થશે. વિદ્યાર્થીઓમાં બોર્ડની પરીક્ષાનો હાઉ હોઇ વાઘની બોર્ડથી કમ હોતી નથી. બોર્ડની પરીક્ષા આવે એટલે ભલભલા હોંશિયાર વિદ્યાર્થી એવા પિડાતા હોય છે કે તેમને મહાભારતના કર્ણની જેમ ખરા ટાણે જ બધુ ભુલવા લાગે છે. આ સ્થિતિથી બચવા માટે પરીક્ષાની તૈયારીઓ સાયન્ટીફિક ઢબે કરવી જરૂરી છે. તેથી જ દિવ્યભાસ્કર ડોટ કોમ પોતાના વાચકો માટે પરીક્ષાની તૈયારીઓ માટે કેટલીક સાયન્ટીફિક ટીપ્સ લઇને આવ્યું છે.

૧૧ થી ૨ કે ૩ થી ૬ પરીક્ષાનો જે સમય હોય તે દરમિયાન સુવાનું આરામ કરવાનું ટાળવું. આ સમયગાળામાં સતત ત્રણ કલાક સુધી લાખવાની પ્રેકટીસ કરવી. આમ કરવાથી તમારી બોડી કલોક પરીક્ષાના સમયગાળામાં લખવા માટે એડજેસ્ટ થશે. અને પરિણામે અન્ય વિદ્યાર્થીઓની તુલનાએ તમે વધુ સરળતાથી અને ઝડપી લખી શકશો. પરીક્ષામાં નવા નક્કોર અને બોડી ટાઇટ કપડાંને બદલે ખુલતા અને તમે જે રેગ્યુલર પહેરતા હો તેવાં કપડાં પહેરવા. પરીક્ષામાં પહરેવા માટે આપણી સ્વદેશી ખાદી બેસ્ટ ચોઇજ બની શકે. ખાદીનો ખુલતો કુર્તો પહેરવો લાભદાઇ રહેશે. હળવા વજનની ખાદી શરીરની ચામડીને સુંવાળો આરામ આપીને પરસેવો શોષી લેશે. જેથી તમને ગરમી નહીં લાગે. અને લખવામાં સ્ફુર્તિ રહેશે. પેપર લખતી વેળાના કટોકટી ભર્યા સમયમાં સમયની બચત થાય તે હેતુથી પેન, પેન્સિલ અને ફુટપટ્ટી વગેરેની ટેસ્ટેડ કીટ સાથે રાખવી. આ ઉપરાંત પરીક્ષાની રસિદ અને ઓળખપત્રોની પણ પુરતા પ્રમાણમાં ઝેરોક્ષ કરાવી અલગ અલગ ઠેકાણે રાખવાનું ભુલતાં નથી. પરીક્ષાના દિવસોમાં ઓછું ખાઇને શરીરને પેટમાં જન્મતા રોગોથી સુરક્ષિત રાખવું. અતિશય મસાલેદાર કે ગળ્યા પદાર્થોથીતો સાવ જ દૂર રહેવું. પરીક્ષાના દિવસોમાં શારીરિક અને માનસિક તાજગી મેળવવા માટે પ્રાણાયામ, યોગા અને સ્ટ્રેચિંગ તથા વોકિંગ જેવી હળવી કસરતો કરવાનું ભૂલતાં નહીં. અઘરા સવાલો તમારા પોતાના જ અવાજમાં રેકોર્ડ કરી, પરીક્ષા દેવા ઘરેથી નીકળો ત્યારે વોકમેનમાં સાંભળતા સાંભળતા જાવ. સાયન્સ કહે છે મેમરીના ઉપયોગનો આ પ્રયોગ ચમત્કારીક લાભ આપી શકે છે. માર્કસની લાલચમાં માગ્યા કરતાં લાંબા કે ઓપ્શન પુરા થયા પછી વધારાના જવાબો લખવાનું શકય હોય ત્યાં સુધી ટાળવું. સાયકોલોજી કહે છે આવું કરવાથી પરીક્ષક ગુંચવાઇ શકે છે. અને પરિણામે માર્કસનો લોસ થવાની શક્યતા રહે છે. પેપર આપ્યા બાદ બીજાઓ સાથે ચર્ચા કરી તેને સોલ્વ કરવાની ટેવ પણ નુકશાનકર્તા છે. આવી ટેવ હોય તો સુધારી નાંખજો. કારણ કે, શું લખ્યું બદલાઇ જવાનું નથી. એના કરતાં નેકસ્ટ પેપરની તૈયારી કરવી બહેતર છે.